**જુગાર ધારા કલમઃ૧૨ (અ ) અન્વયે આરોપીઃ ની ગુના કબુલાત અન્વયે હુકમ.**

।૧। ચાર્જશીટ તથા સાથેના પેપર્સ, આરોપીઓની ગુનાની કબુલાત વંચાણે લીધી, આરોપી/ આરોપીના વકીલશ્રીને સાંભળ્યા. આરોપી સામે જુગાર ધારા કલમઃ૧૨ મુજબના ગુનાનુ તહોમત આ અદાલતમા રજુ કરવામા આવ્યુ છે. આ કામનુ રેકર્ડ તથા પેપર્સ ધ્યાને લેતા સદરહુ આરોપીએ અન્ય આરોપીઓએ જાહેર જગ્યામા પોતાના ફાયદા સારુ પૈસા પાનાથી નાણાની હારજીતનો જુગાર રમી રમાડતા, આરોપી મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલા, તે પૈકી આ કામના સદરહુ આરોપીઓ આજરોજ જાતે કોર્ટમા હાજર થઈ તેની સામેના ગુનાનો સ્વીકાર કરી તે મતલબની પુરસીસ આપી છે. વધુમાં આરોપી તરફે રજુઆત કરવામા આવી છે કે, તેની સામેના ગુનાનો સ્વીકાર કરી, તે મતલબની પુરસીસ આપી છે. વધુમાં આરોપીઓ તરફે રજુઆત કરવામા આવી છે કે તેની સામેના આ પ્રથમ ગુનો છે અને અજાણતાથી ઈરાદા વગર ગુનો થયો છે, તેમના પર કુટુંબની ભરણપોષણની જવાબદારી છે. જેથી તેની પર દયા રાખી ઓછી રકમનો દંડ કરવા રજુઆત કરી છે.

।૨। આરોપીએ આજરોજ સ્વૈચ્છાએ ગુના કબુલાતની પુરસીસ આપી છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે, અજાણતાથી ગુનો થયેલ છે, તેમના ઉપર આર્થીક અને કાટુંબીક તથા સામાજીક જવાબદારી છે, તેમજ આ તબકકે એ ધ્યાને લેવુ જરુરી છે કે, કાયદામા ઠરાવેલી નિયત સજા કરવામા આવે અને આરોપીને જેલની સજા કરવામા આવે તો ન્યાયતંત્રના સીધ્ધાંત મુજબ અન્ય આરોપીની સોબતના કારણે ખરાબ અસર થાય. પરંતુ આ કામે આરોપી એ પોતાના લાભ સારુ અન્ય આરોપી સાથે મળી આચરેલ ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા તે અંગે કાયદામા ઠરાવેલી સજા, તથા તેની આર્થિક, સામાજીક પરિસ્થિતીને તથા તેના કુટુંબની જવાબદારીને ધ્યાને લેતા, આરોપીઓને હળવી સજા કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાય તે છે. જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

આ કામના આરોપી નં.૫ આરોપીને જુગારધારા કલમ : ૧૨ મુજબના ગુનામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ :૨૫૨ અન્વયે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને કુલ રૂા.૩૦૦ × ૧ (અંકે રુપીયા કુલ ત્રણસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દિવસ– ૨(બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે. જો કોઈ મુદ્દામાલ અંગે અગાઉ વચગાળાનો હુકમ કરેલ હોય તો આથી કાયમ કરવામા આવે છે અને મુદ્દામાલ નાણા સરકાર જમા કરવા તથા બીનકીંમતી મુદ્દામાલ નો નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી કોર્ટમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ

તા. ૧૪–૧૨–૧૯

(હિતેશ. જે. તન્ના)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૭,
અમદાવાદ.
યુનીક કોડ નં. જી.જે.–૦૦૯૫૫.